PROશ્રી

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૮/૨૦૨૦,

તા.૨૯ /૧૦/૨૦૨૦

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૩૧/૧૦/૨૦૨૦ ના રોજ વી.વી.આઇ.પી.શ્રીઓની મુલાકાત અનુસંધાને ટ્રાફિક સુચારુ રીતે ચાલે અને સલામતીના હેતુસર નીચે મુજબના માર્ગો ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૩૧/૧૦/૨૦૨૦ ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ વૉટર એરોડ્રોમ ખાતેના કાર્યક્રમમાં વી.વી.આઇ.પી.શ્રી નાઓ પધારનાર હોય જે અનુસંધાને ટ્રાફીક વ્યવસ્થા જળવાઇ રહે અને સલામતીના હેતુસર તા.૩૧/૧૦/૨૦૨૦ ના રોજ કલાક ૧૦.૦૦ થી ૧૪.૦૦ સુધી નીચે જણાવેલ રૂટ ઉપર તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

| પ્રતિબંધિત માર્ગ/વિસ્તાર | વૈકલ્પિક માર્ગ |
|---|---|
| ➢ સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચિમ રોડ વાડજ સ્મશાનગૃહ કટથી આંબેડકરબ્રિજ નીચે સુધીનો જતો-આવતો માર્ગ. | ⇒ વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઇ ઇન્કમટેક્ષ ઓવરબ્રિજ થઇ પાલડી ચાર રસ્તા (આશ્રમ રોડ) તેમજ આંબેડકરબ્રિજ થી અંજલી ચાર રસ્તા થી જમણી બાજુ વળી આશ્રમરોડના માર્ગ પરથી અવર-જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો તેમજ ફરજમાં રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગ્રેડ, એમ્યુલન્સનાં વાહનોને તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯ /૧૦/૨૦૨૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

તા.૨૯ /૧૦/૨૦૨૦
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિદ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,